**Extra No. 42**

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

**PUBLISHED BY AUTHORITY**

**Vol. LXVII ]    FRIDAY, MAY 29, 2026 / JYAISTHA 8, 1948**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

**PART IV-A**

**Rules and Orders (Other than those published in Parts I, I-A, and I-L) made by the Government of Gujarat under the Central Acts**

**સામાન્ય વહીવટ વિભાગ**

**જાહેરનામું**

સચિવાલય, ગાંધીનગર, ૨૯મી મે, ૨૦૨૬

**ક્રમાંક: GS/2026/15/GAD/VST/e-file/1/2026/2918/S :** ભારત સરકારના ગૃહ મંત્રાલયના તા.૧૨/૦૩/૨૦૨૬ના પરિપત્રની માહિતી પુન:પ્રસિદ્ધ કરવામાં આવે છે:-

**F No. 9/3/2026-CD (Cen)1**

**ભારત સરકાર**

**ગૃહ મંત્રાલય**

ભારતના રજિસ્ટ્રાર જનરલ અને વસ્તી ગણતરી કમિશનરશ્રીની કચેરી,

જનગણના ભવન, ટાવર-એ, 2-એ, માન સિંહ રોડ, નવી દિલ્હી-૧૧૦૦૧૧

તારીખ: ૧૨મી માર્ચ, ૨૦૨૬

**ભારતની વસ્તી ગણતરી-૨૦૨૭ - પરિપત્ર ક્રમાંક. ૧૫**

**વિષય:** ભારતની વસ્તી ગણતરી અધિનિયમ, ૧૯૪૮ હેઠળ લોકોની જવાબદારીઓ અને ફરજો તથા ભારતની વસ્તી ગણતરી, ૨૦૨૭ના સુચારુ સંચાલનમાં સહભાગી થવાનો લોકોને આદેશ આપતું રાજ્ય સરકારો/સંઘ પ્રદેશ વહીવટદારો દ્વારા જાહેરનામું બહાર પાડવા બાબત.

ભારતની વસ્તી ગણતરી, વસ્તી ગણતરી અધિનિયમ, ૧૯૪૮ (૧૯૪૮નો ૩૭મો) અને વસ્તી ગણતરી નિયમો, ૧૯૯૦ અને તેના હેઠળ કરવામાં આવેલા સુધારાઓની જોગવાઈઓ હેઠળ હાથ ધરવામાં આવે છે. આગામી વસ્તી ગણતરીનો પ્રથમ તબક્કો એટલે કે ઘરયાદી અને આવાસન ગણતરી તમામ રાજ્યો/સંઘપ્રદેશોમાં દરેક રાજ્ય અને સંઘપ્રદેશ દ્વારા નિર્દિષ્ટ કરવામાં આવેલ ૩૦ દિવસના સમયગાળામાં હાથ ધરવાનું નિયત કરવામાં આવે છે. સાથે જ સ્વ-ગણતરીનો વિકલ્પ રહેશે, જે ૩૦ દિવસની ઘરે-ઘરે જઈને કરવાની ઘરયાદીની કામગીરીની શરૂઆત પહેલાના ૧૫ દિવસના સમયગાળામાં હાથ ધરવામાં આવશે. આ તબક્કા દરમિયાન, આવાસની સ્થિતિ, ઘરના પરિવારની સુવિધાઓ અને પરિવારોની માલિકીની મિલકતો અંગેનો ડેટા એકત્રિત કરવામાં આવશે. ઘરયાદી અને આવાસન ગણતરી માટેના પ્રશ્નો તા.૨૨મી જાન્યુઆરી, ૨૦૨૬ના વૈધાનિક હુકમ (એસ.ઓ.) નં. ૩૫૩(ઈ) થી ગેઝેટ ઓફ ઇન્ડિયામાં અગાઉથી નિર્દિષ્ટ કરવામાં આવ્યા છે. દેશમાં વસ્તી ગણતરી-૨૦૨૭નો બીજો તબક્કો, એટલે કે વસ્તી ગણતરી (PE) ફેબ્રુઆરી, ૨૦૨૭ દરમિયાન હાથ ધરવામાં આવશે, ત્યારબાદ ૧ થી ૫ માર્ચ, ૨૦૨૭ દરમિયાન પુનરાવર્તન તબક્કો કે સુધારણા તબક્કો હાથ ધરવામાં આવશે. જોકે, લદાખ સંઘપ્રદેશ અને જમ્મુ અને સંઘ પ્રદેશના હિમવર્ષાવાળા અસમકાલીન વિસ્તારો તેમજ હિમાચલ પ્રદેશ અને ઉતરાખંડ રાજ્યોમાં આ કામગીરી સપ્ટેમ્બર, ૨૦૨૬ દરમિયાન હાથ ધરવામાં આવશે અને ત્યારબાદ ૧ ઓક્ટોબર થી ૫ ઓક્ટોબર, ૨૦૨૬ દરમિયાન પુનરાવર્તન તબક્કો કે સુધારણા હાથ ધરવામાં આવશે. "જેમાં વિવિધ વસ્તીવિષયક, સામાજિક-સાંસ્કૃતિક, આર્થિક, સ્થળાંતર અને પ્રજનન માપદંડો અંગે વ્યક્તિગત સ્તરની માહિતી એકત્રિત કરવામાં આવશે.

૨. રાષ્ટ્રીય અગત્યતાના વિશાળ કાર્ય તરીકે વસ્તી ગણતરીની સફળતા મોટા પાયે જાહેર જનતા સહિત વિવિધ વર્ગોના સહકાર પર નિર્ભર રહે છે. વસ્તી ગણતરી સંબંધિત આંકડાઓની ઉપયોગિતા તેમજ વસ્તી ગણતરી અધિનિયમ, ૧૯૪૮ની કલમ ૧૫ મુજબ વ્યક્તિગત સ્તરની માહિતીની ગોપનીયતા જાળવવામાં આવે છે તે બાબત જાહેર જનતાના ધ્યાન પર લાવવી અત્યંત આવશ્યક છે. સાથે સાથે, વસ્તી ગણતરી નિયમો, ૧૯૯૦ના નિયમ ૮ (૨) અનુસાર રાજ્ય સરકારો તથા સંઘ- પ્રદેશોના વહીવટીતંત્રોએ જેમાં જાહેર જનતાને વસ્તી ગણતરીની પ્રક્રિયા દરમિયાન પૂછવામાં આવતા પ્રશ્નોના સચોટ અને નિર્વિવાદ જવાબો આપવા માટે સહકાર આપવાનો નિર્દેશ કરવામાં આવ્યો હોય તેમજ અધિનિયમની કલમ ૧૧ હેઠળ નિર્ધારિત દંડ સંબંધિત જોગવાઈઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો હોય તેવું જાહેરનામું પ્રકાશિત કરવું જોઈએ.

(૧) વસ્તી ગણતરી એ સૌથી નીચલા વહીવટી એકમો, એટલે કે ગ્રામીણ વિસ્તારોમાં ગામડાઓ અને શહેરી વિસ્તારોમાં નગર/વોર્ડ સુધીના આવાસનની સ્થિતિ, સુવિધાઓ અને સંપત્તિઓ, વસ્તી શાસ્ત્ર (વસ્તી વિષયક માહિતી- Demography), સાક્ષરતા, ધર્મ, આર્થિક પ્રવૃત્તિ, સ્થળાંતર, પ્રજનનક્ષમતા વગેરે સંબંધિત માહિતીનો મુખ્ય સ્ત્રોત છે.

વસ્તી ગણતરીના આંકડાઓનો ઉપયોગ કેન્દ્ર સરકાર/રાજ્ય સરકારો/સંઘ-પ્રદેશના વહીવટીતંત્રો દ્વારા આયોજન, નીતિઓ ઘડવામાં અને અસરકારક જાહેર વહીવટ માટે વ્યાપક પ્રમાણમાં કરવામાં આવે છે. આ ઉપરાંત, લોકસભા, વિધાનસભા, પંચાયત તથા અન્ય સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓ માટે મતદાર વિભાગોનું સીમાંકન નિર્ધારણ કરવા અને અનામત નક્કી કરવા માટે પણ વસ્તી ગણતરીના આંકડાઓનો ઉપયોગ થાય છે. તેથી, જાહેર જનતાએ વસ્તી ગણતરીની કામગીરીમાં સહકાર આપવો અને સાચી માહિતી પૂરી પાડવી આવશ્યક છે. જાહેર-જનતાની માહિતી અર્થે વસ્તી ગણતરી અધિનિયમ, ૧૯૪૮ની કેટલીક મહત્ત્વપૂર્ણ જોગવાઈઓ નીચે દર્શાવવામાં આવે છે:-

(૨) કલમ ૮:- પ્રશ્નો પૂછવાની સત્તા અને જવાબ આપવાની ફરજ

(૧) કેન્દ્ર સરકારે આ અર્થે બહાર પાડેલ અને રાજપત્રમાં પ્રસિદ્ધ કરેલ સૂચનાઓથી વસ્તી ગણતરી અધિકારીને પૂછવાનો આદેશ આપે તે તમામ સવાલો તે અધિકારી પોતે જે સ્થાનિક વિસ્તાર માટે નિમાયેલ હોય તેની હદમાંની તમામ વ્યક્તિઓને પૂછી શકશે.

(૨) પેટા-કલમ (૨) હેઠળ જે વ્યક્તિને સવાલ પૂછવામાં આવ્યો હોય તે દરેક વ્યક્તિ પોતાની પૂરી જાણ કે માન્યતા અનુસાર તેનો જવાબ આપવા માટે બંધાયેલ રહેશે.

પરંતુ શરત એ છે કે, કોઈપણ વ્યક્તિને તેના કુટુંબની સ્ત્રી સભ્યનું નામ જણાવવા માટે બાધ્ય કરવામાં આવશે નહીં, તેમજ પોતાના પતિનું, અવસાન પામેલા પતિનું અથવા પરંપરા અનુસાર જેનું નામ જણાવવાની મનાઇ હોય તેવી અન્ય કોઈ વ્યક્તિનું નામ જણાવવા માટે કોઇપણ સ્ત્રી બંધાયેલ રહેશે નહીં.

(૩) કલમ ૯: - ભોગવટો ધરાવનાર વ્યક્તિએ પ્રવેશ કરવા દેવા અને નંબરો લગાવવા દેવા અંગે.

કોઈપણ મકાન, વાડો, જહાજ અથવા અન્ય કોઈ સ્થળ પર ભોગવટો ધરાવનાર દરેક વ્યક્તિએ વસ્તી ગણતરી-અધિકારીને વસ્તી ગણતરીના હેતુઓ માટે જરૂરી હોય તે મુજબ અને દેશના રૂઢીને ધ્યાનમાં રાખીને વ્યાજબી હોય તેવો પ્રવેશ કરવા દેવાનો રહેશે, અને વસ્તી ગણતરીના હેતુઓ માટે જરૂરી હોય તેવા અક્ષરો, ચિહ્નો અથવા નંબરો તે સ્થળ પર ચિતરવા અથવા લગાડવા દેવાના રહેશે.

(૪) કલમ ૧૦: - ભોગવટો કરનાર અથવા વ્યસ્થાપક દ્વારા અનુસૂચિ ભરવા અંગે.

(૧) વસ્તીગણતરી કમિશનર આ અર્થે બહાર પાડે તે હુકમોને અધીન રહીને, વસ્તી ગણતરી અધિકારી, પોતે જેને માટે નિમાયેલ હોય તે સ્થાનિક વિસ્તારમાંના કોઈ રહેવાના ઘરે, અથવા કોઈ વાણિજ્યિક કે ઔદ્યોગિક સંસ્થાના વ્યવસ્થાપક અથવા કોઈ અધિકારી સમક્ષ તે ઘર અથવા તેના કોઈ નિર્દિષ્ટ ભાગમાં રહેનાર અથવા તે વ્યવસ્થાપક કે અધિકારીએ તે ઘર અથવા તેના તે ભાગમાંના વસ્તીગણતરીના વખતના રહીશો સંબંધી અથવા પોતાની નીચે કામે રાખેલ હોય તે વ્યક્તિઓ સંબંધી વસ્તીગણતરી કમિશનર આદેશ આપે તે વિગતો ભરી દેવા માટે એક અનુસૂચિ વસ્તીગણતરી અધિકારી મૂકી કે મુકાવી શકશે.

(૨) જ્યારે તે અનુસૂચિ તે રીતે મુકવામાં આવેલ હોય ત્યારે ઉપર્યુક્ત વખતના યથાપ્રસંગ, તે ઘર કે તેના ભાગમાંના રહીશો અથવા તેના હાથ નીચે કામે રાખેલ વ્યક્તિઓ સંબંધી પોતાની પૂરી જાન કે માન્યતા પ્રમાણે, યથાપ્રસંગ, સદરહું રહેનાર વ્યસ્થાપક કે અધિકારીએ તે ભરવી જોઇશે અથવા ભરાવવી જોઇશે અને તે ઉપર પોતાની સહી કરવી જોઇશે અને જ્યારે તેમ ફરમાવવામાં આવે ત્યારે તે રીતે ભરેલ અને સહી કરેલ અનુસૂચિ વસ્તીગણતરી અધિકારીને અથવા વસ્તીગણતરી અધિકારી ફરમાવે તે વ્યક્તિને સોંપવી જોઇશે.

(૫) કલમ ૧૧:- શિક્ષા (દંડ).

(૧) (ક) કોઈ વસ્તીગણતરી અધિકારી અથવા વસ્તીગણતરી કરવા સંબંધમાં સહાય આપવાને કાયદેસર રીતે ફરમાવવામાં આવેલ હોય તે વ્યક્તિ, આ અધિનિયમ કે તે હેઠળ કરેલા કોઈ નિયમથી તેના પર નાખવામાં આવેલ કોઈ ફરજ બજાવવાની ના પાડે અથવા આવી ફરજ બજાવવામાં અથવા અન્ય કોઈ વ્યક્તિને અડચણ કરે અથવા અટકાવે, અથવા-

(કક) કોઈ વસ્તી ગણતરી અધિકારી અથવા વસ્તી ગણતરી કરવા સંબંધમાં કાયદેસર જેને ફરમાવવામાં આવેલ હોય તે વ્યક્તિ, આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલ કોઈ નિયમ અનુસાર તેને કરવામાં આવેલ કોઈ હુકમનું પાલન કરવામાં અથવા તેને સોંપેલ ફરજ બજાવવામાં વ્યાજબી ખંત ન દાખવે અથવા આવી ફરજ બજાવવામાં અથવા હુકમનું પાલન કરવામાં બીજી કોઈ વ્યક્તિને અડચણ કરે અથવા અટકાવે, અથવા, -

(ઘ) વસ્તી ગણતરી અધિકારીએ તેને પૂછેલ જે સવાલનો જવાબ આપવા કલમ-૮ પ્રમાણે કાયદેસર રીતે બંધાયેલ હોય તે વ્યક્તિ ઈરાદાપૂર્વક તેનો ખોટો જવાબ આપે અથવા પોતાની પૂરી જાણ કે માન્યતા પ્રમાણે તેનો જવાબ આપવાની ના પાડે, અથવા

(ચ) કોઇ ઘર, વાડા, જલયાન કે બીજી જગ્યામાં રહેનાર વ્યક્તિ, કલમ-૯ અનુસાર જયાં વસ્તી ગણતરી અધિકારીને વાજબી હોય તે પ્રમાણે પ્રવેશવા દેવની તેની ફરજ હોય ત્યાં તે અધિકારીને તે પ્રવેશ કરવા દેવાની ના પાડે, અથવા

(છ) વસ્તી ગણતરીના હેતુઓ માટે ચીતરાયેલ કે ચોંટાડાયેલ કોઇ અક્ષરો, ચિહ્નો કે નંબરોને કોઇ વ્યક્તિ દૂર કરે, છેડે, તેમાં ફેરફાર કરે અથવા તેને બગાડી નાખે, અથવા

(જ) કલમ-૧૦ હેઠળની અનુસૂચિ ભરવાનું ફરમાયેલ હોય તે વ્યક્તિ તે કલમની જોગવાઇનો જાણી જોઇને અને કોઇ પૂરતાં કારણ વિના અમલ ન કરે અથવા તે હેઠળ કોઈ ખોંટું પત્રક ભરે, અથવા

(ઝ) વસ્તી ગણતરી કચેરીમાં ગુનાહિત અપપ્રવેશ કરે તે કોઇપણ વ્યક્તિ એક હજાર રૂપિયા સુધીના દંડની શિક્ષાને પાત્ર થશે અને ખંડો (ક), (ખ) કે (ગ) હેઠળ દોષિત ઠરે ત્યારે ત્રણ વર્ષ સુધીની કેદની શિક્ષાને પાત્ર થશે.

(૨) જે કોઇ વ્યક્તિ પેટા-કલમ(૧) હેઠળના ગુનાનું દુષ્પ્રેરણ કરે તે, એક હજાર રૂપિયા સુધીના દંડની શિક્ષાને પાત્ર થશે.

(૬) કલમ ૧૫: - વસ્તી ગણતરીના રેકોર્ડ નિરીક્ષણ માટે ખુલ્લા રહેશે નહીં અને પુરાવા તરીકે ગ્રાહ્ય રહેશે નહીં.

કોઈપણ વ્યક્તિને વસ્તી ગણતરી અધિકારી દ્વારા ફરજના ભાગરૂપે તૈયાર કરવામાં આવેલ કોઈ પુસ્તક, રજિસ્ટર કે રેકોર્ડનું નિરીક્ષણ કરવાનો અથવા કલમ ૧૦ હેઠળ સોંપવામાં આવેલ કોઈપણ અનુસૂચિનું નિરીક્ષણ કરવાનો અધિકાર રહેશે નહીં. ભારતીય સાક્ષ્ય અધિનિયમ, ૨૦૨૩ (૨૦૨૩નો ૪૭મો)માં વિપરીત કોઈપણ જોગવાઈ હોવા છતાં, આવા કોઈપણ પુસ્તક, રજિસ્ટર, રેકોર્ડ કે અનુસૂચિમાં કરવામાં આવેલી કોઈપણ નોંધ, કોઈપણ દીવાની કાર્યવાહીમાં અથવા આ અધિનિયમ હેઠળના ગુનાની રચના કરતા કોઈ કૃત્ય કે ચૂક માટે આ અધિનિયમ અથવા અન્ય કોઈ કાયદા હેઠળની ફોજદારી કાર્યવાહી સિવાયની અન્ય કોઈ ફોજદારી કાર્યવાહીમાં પુરાવા તરીકે સ્વીકાર્ય રહેશે નહીં.

**મૃત્યુંજય કુમાર નારાયણ,**

રજિસ્ટ્રાર જનરલ અને વસ્તી ગણતરી કમિશનર, ભારત.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**જે. વી. દેસાઈ,**

સરકારના સંયુક્ત સચિવ.

----------

Government Central Press, Gandhinagar.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press,
Gandhinagar
Date : 2026.05.29 21:23:30 IST